# ભુજ તાલુકામાં વર્લ્ડ સ્પેસ વીકની ઉજવણી : વિવિધ કાર્યક્રમો યોજાયા

## બાળકો ધૂમકેતુ, શુક્ર તથા ચંદ્ર ગ્રહની ગતિવિધિથી વાકેફ

ભુજ, તા. ૧૨

વિશ્વભરમાં ૪થી ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર દરમિયાન વર્લ્ડ સ્પેસ વીકની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર તરફથી ભુજ શહેર તેમજ તાલુકાની શાળાઓમાં ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

સમાહ દરમિયાન સંસ્થા દ્વારા શહેરના ભીમરાવનગર પ્રાથમિક શાળા તેમજ તાલુકાના સૂરજપર, ભારાપર ગામની શાળા ઉપરાંત એસ.ઓ.એસ. ચિલ્ડ્રન વિલેજના વિદ્યાર્થીઓને બ્રહ્માંડમાં આપણું મુકામ વિષય પર દસ્તાવેજી પિક્ચર બતાવવામાં આવી હતી. જુદા-જુદા વિજ્ઞાન પ્રયોગો, જેમાં વિજ્ઞાનની શું વ્યાખ્યા છે, આપણા શરીરમાં સ્નાયુઓ કેવી રીતે કામ કરે છે, સ્ત્રી-પુરુષના અવાજમાં ફરક કેમ હોય છે, ન્યુટનના સિદ્ધાંતો, મેગ્નેટીક ટ્રેન કેવી રીતે ચાલે છે, પરાવર્તન કેવી રીતે થાય છે તેમજ ગ્લોબલ વોર્મિંગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્પેસ ટેકનોલોજી, અવકાશના રહસ્યો વિશે જાણકારી આપવામાં આવી હતી.

એસ.ઓ.એસ. ચિલ્ડ્રન વિલેજ મધ્યે આકાશ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓને ચંદ્ર તથા શુક્ર ગ્રહના દર્શન કરાવવામાં આવ્યાં હતાં તેમજ રાશિ, નક્ષત્રો, આકાશગંગા, મંદાકિનીઓ, જુદા-જુદા તારકજૂથો અંગે સંસ્થાના અક્ષય મલ્હોત્રાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમાહ દરમિયાન બે હજારથી વધુ વિદ્યાર્થીઓએ કાર્યક્રમનો લાભ લીધો હતો. વ્યવસ્થા પ્રવીણ મહેશ્વરીએ સંભાળી હતી.

Generated by CamScanner from intsig.com